ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

**પ્રેસનોટ- 2755/01/2025** **તા.21-01-2025**

## સ્થાનિક સ્વરાજની ચૂંટણીની તારીખ જાહેર થયા પછી પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે પ્રદેશ મહામંત્રીશ્રી રજનીભાઇ પટેલે પ્રેસ કોન્ફરન્સને સંબોધી.

----

## પ્રજાનો વિશ્વાસ,પ્રેમ અને સહકાર ગુજરાતમાં ભાજપ સાથે છે અને ભૂતકાળમાં જે પરિણામો મળ્યા છે તેના કરતા સારા પરિણામો મળશે તેવી આશા છે. – શ્રી રજનીભાઇ પટેલ

----

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, રાજ્ય ચૂંટણી આયોગ કમિશનર ડૉ. એસ. મુરલીક્રિષ્ણાએ પ્રેસ કોન્ફરન્સ કરીને સ્થાનિક સ્વરાજની ચૂંટણીની તારીખ જાહેર કરી છે. આ સંદર્ભે પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે પ્રદેશના મહામંત્રીશ્રી રજનીભાઇ પટેલે પત્રકાર પરિષદને સંબોધી હતી. આ પ્રેસકોન્ફરન્સમાં પ્રદેશ મીડિયાના કન્વીનરશ્રી ડો. યજ્ઞેશ દવે, પ્રદેશના સહપ્રવકતાશ્રીઓ શ્રી જયરાજસિંહ પરમાર,શ્રી હિતેન્દ્રભાઇ પટેલ,ડો.શ્રદ્ધાબેન રાજપુત ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી રજનીભાઇ પટેલે સંબોધન કરતા જણાવ્યું હતું. રાજ્ય ચૂંટણી પંચે આપેલી માહિતી પ્રમાણે 16 ફેબ્રુઆરીએ મતદાન થશે. જ્યારે 18 ફેબ્રુઆરીએ મતગણતરી હાથ ધરાશે.દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ગુજરાતમાં વિકાસની રાજનીતીનો આરંભ કર્યો અને આજે પણ દેશ નવા ભારત અને આત્મનિર્ભર ભારત બનવા તરફ આગળ વધી રહ્યો છે. ગુજરાતમા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સૌનો સાથ, સૌનો વિકાસ ના સુત્ર સાથે કામ કરી રહ્યા છે તેમજ પ્રદેશ અધ્યક્ષ તેમજ કેન્દ્રીય જળશક્તિમંત્રીશ્રી સી.આર.પાટીલજીએ સંગઠનની વ્યવસ્થા મજબૂત કરી છે તેના આધારે આવનાર સમયમાં આ ચૂંટણીઓમાં અમે પ્રજા વચ્ચે જઇશું. આ ચૂંટણીમાં ભૂતકાળમાં જે પરિણામો મળ્યા છે તેના કરતા સારા પરિણામો મળશે તેવી આશા છે. પ્રજાનો વિશ્વાસ,પ્રેમ અને સહકાર ગુજરાતમાં ભાજપ સાથે છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં દેશ વિકસીત રાષ્ટ્ર બને તે દિશામાં આગળ વધી રહ્યો છે.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)